
વા.લ. રૂ. ૧૦૦/-
વા. સ. રૂ. ૧૦૦/-

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ એપ્રિલ, ૨૦૨૪ Vol. 18 No. 4

# સંત વૈજ્ઞાનિકો



નિકોલસ કોપરનીકસ (એક પાદરી)

નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
**www.satyashodhaksabha.com** પર જાઓ.

## જાદવ પૂછે છે :

સત્યશોધક સભાના એક મંત્રી જાદવ વેકરિયા પૂછે છે : જો બ્રહ્મચર્ય કુદરતી હોય તો કુદરત–ઈશ્વરને માનનારા ધર્મનેતા બ્રહ્મચર્યને કેમ મહત્ત્વ આપે છે ?

**જવાબ :** **સૂર્યકાન્ત શાહ**

અનેક અભ્યાસોએ પુરવાર કર્યું છે કે બ્રહ્મચર્ય કુદરતી નથી. આપણી જે ભય, મૈથુન, ભૂખ અને નિદ્રા લાગણીઓ છે તે નૈસર્ગિક હોવાનું પુરવાર થયું છે. મોટા ભાગના પ્રાણીઓમાં આ નૈસર્ગિક લાગણીઓ છે. આથી બ્રહ્મચર્ય કુદરતી નથી જ. મોટા ભાગના ધર્મો અને તેનો ધંધો લઈને બેઠેલા ધર્મનેતાઓ બ્રહ્મચર્ય કુદરતી નથી તેથી તેને મહત્ત્વ આપે છે. ભૂખ પણ એક નૈસર્ગિક લાગણી છે. આથી કેટલાક ધર્મો ઉપવાસને મહત્ત્વ આપે છે.

અભ્યાસો એવું પણ સૂચવે છે કે અમુક અપવાદોને બાદ કરતા ભાગ્યે જ કોઈ સ્ત્રી કે પુરુષ આજીવન બ્રહ્મચર્ય પાળી શકે. નપુંસકને પણ મૈથુનની ઈચ્છા થાય છે. એવું દેખાયું છે. ધર્મને સ્થાપનારાઓ અને તે સ્થપાયેલા ધંધાને ચલાવનારા ધર્મ–નેતાઓ પોતાના ધંધામાં મબલખ નફો રળવા માટે જે અનેક નુસખા અજમાવે છે તેમાંનો એક નુસખો બ્રહ્મચર્યનો છે. તેઓ જાણે છે કે નૈસર્ગિક લાગણીઓને કાબૂમાં રાખવાનું લગભગ અશકય છે. આથી જે એકવાર બ્રહ્મચર્યને સ્વર્ગની સીડી ચઢવાના પગથિયા ચઢવાથી માંડી ચહેરાના તેજ વધવા સુધીની લાલચ અને જો એ નહીં પળાય તો નર્કના ખુલી જતા બારણાથી માંડી નિસ્તેજ ચહેરા સુધીના ભય બતાવીશું તો એ 'ભગત' નામના ગ્રાહક એમના કબજામાં રહેશે. આથી તેઓ બ્રહ્મચર્યના ગુણગાન ગાય છે. વાસ્તવમાં બ્રહ્મચર્ય માણસને તન અને મનથી કમજોર કરે છે. ધર્મની મૂળભૂત વાતો કે જેને 'સિદ્ધાંતો'નું રૂપાળુ નામ આપવામાં આવ્યું છે તે સમાજને નુકસાનકારક છે. બ્રહ્મચર્ય એમાંનું એક ડીંડવાણુ છે. સામાન્ય જન ધર્મ–નેતાઓની આ ચુંગાળમાં ફસાય નહીં તે માટે રેશનાલિસ્ટોએ શક્ય એટલાને બ્રહ્મચર્યથી દૂર રહેવા અને મસ્ત જાતીય નિર્દોષ આનંદને માણવા માટે (અલબત્ત, કોઈને પણ નુકસાન પહોંચાડયા વિના) સલાહ આપવી જોઈએ.

---

લાલચ અને ભય વિનાની પરસ્પરની સ્વૈચ્છિક સંમતિથી પુખ્ત વયની બે વ્યક્તિઓ (બન્ને નર અથવા બન્ને નારી હોય તો પણ) જાતીય આનંદ માણે તે આનંદ અપૂર્વ આનંદ છે.

**સત્યાન્વેષણ**

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સૂર્યકાન્ત શાહ

સંપાદક મંડળ

બી. એ. પરીખ
સુગીત પાઠકજી
ડો. સુષ્મા અય્યર
મનસુખ નારિયા
જનક બાબરીયા

૧૫ એપ્રિલ, ૨૦૨૪ | સળંગ અંક : ૩૮૯ | Vol. 18 No. 4


## સંત વૈજ્ઞાનિકો

**–સૂર્યકાન્ત શાહ**

આજીવન ધર્મના આદેશોનું પાલન અને તેના ઉપદેશો આપવાની પ્રતિજ્ઞાનું પાલન મહદ્અંશે વિવિધ ધર્મોના સંતો કરી શકતા નથી. જેઓ સ્વતંત્રપણે વિચારવાની શકિત ગુમાવી દે છે અને પોતાને આવતા મૌલિક વિચારોને ટૂંપી દે છે તેવાં ઘેટાં જેવા સંતો ધર્મના આદેશો પ્રમાણે જેમ તેમ જીવી કાઢે છે. જે સમાજ બંધિયાર છે તેમાં આવા ઘેટાછાપ સંતો–પાદરીઓ–મૌલવીઓ–સાધુઓની સંખ્યા પ્રમાણમાં વધારે હોય છે. જે સમાજ ખુલ્લો છે, જે બાહ્ય પરિબળો સમજવાનો પોતાની રીતે પ્રયાસ કરે છે અને જે કંઈ નવલુ માલુમ પડે તેને નવેસરથી વિચારવા માંગે તે સમાજના સંતો ધાર્મિક આદેશો પ્રમાણે જ જીવન જીવતા નથી, જીવી શકતા નથી, અને આગળ વધીને જીવવા માંગતા નથી. આવા સંતોમાંના કેટલાક મહાન વૈજ્ઞાનિકો બન્યા છે, અથવા વૈજ્ઞાનિક અભિગમ ધરાવનારા બન્યા છે. આમાંના મોટા ભાગના સંતોને સમાજમાંના રૂઢિચુસ્ત અને નાફેરવાદીઓનો સખત સામનો કરવો પડયો છે. બધા જ ધર્મોમાં સત્તાની જડબેસલાક જાળ બનેલી હોય છે. કોઈ પણ સરમુખત્યારશાહીવાળી રાજ્યવ્યવસ્થા કરતાં વધારે આ જાળ જુલમી હોય છે. એમાં ઉપરી સંતોનું મુખ્ય કામ હુકમો છોડવાનું અને એમની દ્રષ્ટિએ


ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમનો પ્રસાર કરવા
સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ,
જ્ઞાતિ કે જાતિની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. –સંપાદક મંડળ

'માર્ગ ભૂલેલા' સંતો અને અનુયાયીઓને સજા કરવાનું છે. લોકશાહી, સ્વાતંત્ર્ય અને સમાનતાના વિચારો આધુનિક છે. પુરાણા કાળથી અને આજે પણ કોઈ પણ ધર્મમાં આંતરિક લોકશાહી, ચેલાઓનું સ્વાતંત્ર્ય અને સત્તાનું બાહુલ્ય નથી. એકવીસમી સદીના આ ત્રીજા દશકા દરમિયાન આજુબાજુ જોઈએ તો એવું સમજાય છે કે ગુલામી આપણા DNAમાં છે. આપણને પ્રજા તરીકે લોકશાહી, સ્વાતંત્ર્ય અને સમાનતા પચતા નથી. આપણે સ્વેચ્છાએ 'ગુલામ' રહેવા માંગીએ છીએ. ધર્મના ઉપલી સત્તાવાળાઓ માણસની આ 'પરવશતા' બરાબર સમજે છે. એમણે લાલચ અને ભયનાં મનોવૈજ્ઞાનિક શસ્ત્રો હસ્તગત કર્યા છે. તેઓ એ પણ સમજે છે કે જે બબુચક 'ચેલો' થવા આવ્યો છે તે અન્ય સામાન્ય માણસો કરતાં વધારે 'પરવશ' (!) છે. આથી તેઓ એમની સત્તાની જાળમાંથી એને છટકવા દેતા જ નથી. જે 'ચેલો' જરા ઊંચોનીચો થાય એને ઠેકાણે પાડી દે છે !

માત્ર કૅથલિક ચર્ચની જ વાત કરીએ તો એ ચર્ચે વિશ્વના અઢળક કલ્યાણકારી સંત વૈજ્ઞાનિકો આપ્યા છે. એમાં નીકોલસ કોપરનીકસનું નામ અવ્વલ નંબરે છે. (એમનો ફોટો ટાઈટલ પર છે) કોપરનીકસે બાઈબલથી તદ્દન વિરુદ્ધનો સૂર્યકેન્દ્રી સૂર્યમંડળની શોધ કરી હતી. કોપરનીકસ ઉપરાંત, ગ્રેગર મેન્ડેલ, આલ્બર્ટસ મેગ્નસ, મરીન મેરસેને ક્રિસ્ટોફર કલેમ જેવા ડઝનબંધી પાદરીઓએ વૈજ્ઞાનિક સંશોધનો કર્યા છે. મોટા ભાગના સંશોધનો બાઈબલના ઉપદેશોથી અલગ અથવા વિપરીત હતા. માત્ર કૅથોલિકસમાં જ નહીં બધા જ ધર્મોમાં સત્તાશિરે બેઠેલા ગુરુઓના ઉપદેશ અને એમના કહેવાતા પવિત્ર ગ્રંથોના પોતે કરેલા અર્થઘટનોથી વિરુદ્ધના સંશોધનો તો ઠીક, પરંતુ વાતો પણ આ સત્તા શિખરી સંત ચલાવી લેતા નથી. સંખ્યાબંધ સંત વૈજ્ઞાનિકોને આથી પોતપોતાના ધર્મોમાં પુષ્કળ યાતના સહન કરવાની આવી હતી, અને આજે પણ સહન કરવામાં આવી રહી છે. વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા અને તે અભિગમને જાહેરમાં મૂકતા સંતો તો ઠીક, પરંતુ અનુયાયીઓ પણ સજાને પાત્ર બને છે. બ્રુનો એનું એક ધ્યાનાકર્ષક ઉદાહરણ છે. લગભગ બધા જ ધર્મગ્રંથો અને ગુરુનામ ગુરુના ઉપદેશો વિજ્ઞાન તેમ જ વૈજ્ઞાનિક અભિગમની કસોટીએ પાર ઉતરતા નથી. આથી આ ગુરુનામ ગુરુઓને વિજ્ઞાન પર ખાસ્સી ખીજ છે. અલબત્ત, તેઓ પોતાના સમાજવિરોધી ધર્મના પ્રચાર–પ્રસાર માટે વિજ્ઞાને શોધેલાં ઉપકરણોનો મોટા પાયે ઉપયોગ કરે છે, પરંતુ 'વૈજ્ઞાનિક અભિગમ' નામ સાંભળીને તેઓ ભડકે છે. આથી વૈજ્ઞાનિક અભિગમ ધરાવવાનું જાહેર કરતા ચેલાઓ પર તેઓ અમાનુષી જુલમ ગુજારે છે. આથી આ બધા વૈજ્ઞાનિક સંતો, તેઓ સંતો હોવાને કારણે

(વધુ પાના નં.–૪ ઉપર)

# ચૂંટણી અને ધર્મ

**–તંત્રીલેખ**

**સૂર્યકાન્ત શાહ**

બંધારણાનુસાર આપણો દેશ બિનસાંપ્રદાયિક છે. રાજકારણીઓ માટે બંધારણ એક પોથુ છે, અને બિનસાંપ્રદાયિકતા એમાંનુ એક રીંગણુ છે. ચૂંટણી બિનસાંપ્રદાયિકતાને કેન્દ્રમાં રાખીને કરવાનું આયોજન કરવા માટે ચૂંટણી પંચ નીમવામાં આવે છે. ચૂંટણીમાં કાર્યરત સૌને અને બિનસાંપ્રદાયિકતા આધારિત ચૂંટણી થાય તે માટે પોલિસની બહુ મોટી ફોજને કામે લગાડવામાં આવે છે. બિનસાંપ્રદાયિકતા સૂચવે છે કે ધર્મ વૈયક્તિક બાબત છે. રાજ્યને ધર્મ સાથે કોઈ લેવાદેવા નથી. રાજ્યે કોઈ ધર્મની તરફદારી કરવાની નથી, કે નથી વિરોધ કરવાનો. આથી, રાજ્યને ચલાવવા માટે સત્તાવાંચ્છુઓ લોકશાહીમાં મત મેળવવા માટે પ્રજા પાસે આવે ત્યારે એ ધર્મના નામે મત માંગી શકે જ નહીં. આ બાબત સમજવા માટે સામાન્ય માણસની બુદ્ધિ પર્યાપ્ત છે. રેશનાલિઝમમાં પણ આ જ ધ્વનિ છે, માણસ–માણસ વચ્ચેના સંબંધમાં ધર્મને વચ્ચે નહીં લાવવામાં રેશનાલિસ્ટો મક્કમપણે માને છે, અને પોતાના જીવનમાં રોજબરોજ એનો અમલ કરે છે. આથી બંધારણમાં સમાવિષ્ટ બિનસાંપ્રદાયિકતાને રેશનાલિસ્ટો હૃદયપૂર્વક આવકારે છે.

ચૂંટણીમાં સત્તા માટે પડાપડી કરતા રાજકારણીઓએ પણ આ જ પ્રમાણે વર્તવાનું છે. એક પણ મતદારને એ ધર્મના નામે અપીલ કરી પોતાને મત આપવાનું કહી શકતો નથી. એના પ્રચારનો પ્રત્યેક શબ્દ ધર્મથી સો જોજન દૂર હોવો જોઈએ. જો ચૂંટણીના પ્રચારનો આધાર ધર્મ જ બની શકતો નહીં હોય તો કોઈ પણ ઉમેદવાર કોમ અને જ્ઞાતિના આધારે તો મત માંગી શકે જ નહીં ! આપણી આજુબાજુ ચૂંટણીની જે ચહલપહલ દેખાય છે તેમાં તો ધર્મ કેન્દ્રસ્થાને દેખાય છે. એ પરિસ્થિતિ ખૂબ દયાજનક છે કે દેશની બહુમતિ–લઘુમતિ ધર્મના આધારે નક્કી થાય છે. બહુમતિ ગરીબો અને લઘુમતિ શ્રીમંતો, ધો. ૧૨ થી ઓછું ભણેલ બહુમતિ અને તેનાથી વધારે ભણેલા લઘુમતિ, વીસથી પાંત્રીસ વર્ષની વયજૂથમાંના બહુમતિ બેકારો અથવા પ્રચ્છન્ન બેકારો અને લઘુમતિ નોકરિયાતો, પુરુષથી શોષિત બહુમતિ સ્ત્રીઓ અને લઘુમતિ શોષણમુક્ત સ્ત્રીઓ જેવા બહુમતિ–લઘુમતિ વર્ગો પડતા જ નથી ! સાદુ ગણિત છે કે જે ધર્મના લોકો બહુમતિમાં હોય તે ધર્મના લોકોને ગલગલિયા થાય, એમના મિથ્યાભિમાનને પોષવામાં આવે, અને એમને સમજાવવામાં આવે, કે લઘુમતિ એમની દુશ્મન છે તો એ બહુમતિ ધર્મવાળા એવા

ગલગલિયા કરાવનારને ખોબલે ખોબલે મત આપે જ. સત્તાભૂખ્યા રાજકારણીઓને એ સમજાય કે બહુમતિ ધર્મવાળાને મિથ્યાભિમાનમાં રાચતા કરવામાં આવે તો તેઓ એમની કાર્યશક્તિ, બાહોશી કે પ્રામાણિક  નિષ્ઠાને તપાસવાના જ નથી. ગમે તેટલો બદમાશ અને ફોજદારી ગુના કરનારાએ પણ જો ધર્મના નામે બહુમતિનું તૃષ્ટિકરણ કરે તો એને મત મળે જ, એ જંગી બહુમતિથી જીતે જ એવા ગણિત ખૂબ પ્રજાએ જ માંડી આપ્યા હોય તો એ ઉમેદવાર મૂર્ખો જ સાબિત થાય કે જે બિનસાંપ્રદાયિકતાની ડાહી ડાહી વાતો કરે, વ્યાપક ગરીબાઈ પરત્વે દુઃખ વ્યક્ત કરે કૈ બેકાર યુવકો પરત્વે સહાનુભૂતિ દર્શાવે. પરિણામ સીધું અને સાદુ–સટ છે. પ્રત્યેક ચૂંટણી પ્રજાને વધારે ને વધારે ધર્મઘેલી બનાવતી જાય. એક વિષવર્તુળ ફરતું થઈ જાય છે. ધર્મના નામે પ્રજા છેતરાવવામાં આનંદ પામે છે. તેથી રાજકારણીઓ ખાસ કરીને બહુમતિ ધર્મવાળાઓનું  તૃષ્ટિકરણ કરે છે. એમનું તૃષ્ટિકરણ થાય છે તેથી સત્તાધારીઓ પર ધર્મની પકડ વધારે ને વધારે મજબૂત થાય છે. આમ ચૂંટણી ધર્મને મજબૂત બનાવે છે. ધર્મ બદમાશ રાજકારણીઓને બળવાન બનાવે છે. બંધારણ આથી જ એક પોથુ બનીને રહી જાય છે. બિનસાંપ્રદાયિકતા એમાંનું એક રીંગણુ બની જાય છે અને રેશનાલિસ્ટો મોઢુ વકાસતા રહી જાય છે !

---

(ચાલુ પાના નં.–૨ નું)

નહીં, પરંતુ સંત હોવા છતાં વૈજ્ઞાનિક બન્યા અને કેટલાક વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા થયા તે સૌ આપણા વંદનના અધિકારી છે.

આવા સંત વૈજ્ઞાનિકોનું જીવન યાતનામય ગયું. એમને આશ્વાસન આપનાર કોઈ સાથી કે સહૃદયી નહીં મળતા ગુરુનામ ગુરુઓ પાસે 'સામાજિક બહિષ્કાર'નું બીજું અમોઘ શસ્ત્ર છે. એ શસ્ત્ર થકી એમને 'એકલા' પાડી દેવાયા. આમ છતાં, ઈતિહાસનું વૈચિત્ર્ય એ છે કે તેવા સત્તાના બિભત્સ પ્રદર્શનકારીઓ એવા ગુરુનામ ગુરુઓ પૈકી એકનું પણ નામ આજે કોઈ જાણતું સુદ્ધા નથી. બીજી બાજુ આ પીડિત સંત વૈજ્ઞાનિકોનાં નામ અને જીવન અમર થઈ ગયાં. એમણે શોધેલી અનેક બાબતો થકી આજે જનજીવન વધારે સુખ–આનંદભર્યું બન્યું છે. એમના પછીનો સમાજ એ બધાનો ઉપયોગ કરે છે ત્યારે આ સંત વૈજ્ઞાનિકો પુનઃ જીવંત બને છે. એ સૌને વંદન. એવા જ કોઈક સંત આજે આવી યાતનામાંથી પસાર થતા હોય તો એમને આપણે સૌ રેશનાલિસ્ટો વતી ખાતરી આપીએ કે અમે એમના પડખે છીએ. તેઓ એમની વેદના–યાતના આપણને જણાવે. આપણે શકય તે પ્રયત્નો કરી એમની વેદના–યાતનાને ઓછી કરવા માટે મથીશું.

# સિંધુ સંસ્કૃતિની એક મહોર વિશે

–એન. વી. ચાવડા

**(હવે આપણી વચ્ચે એન. વી. ચાવડા નથી. તેઓશ્રી શબ્દદેહે આપણી વચ્ચે જીવિત છે. એ શબ્દદેહના ભાગસ્વરુપ એમણે સત્યશોધક સભાને કેટલાક લેખ મોકલ્યા હતા. એમની યાદ તાજી રાખવા એ પૂરા થાય ત્યાં સુધી અત્રે પ્રગટ કરતા રહીશું. –સૂ.)**

આપણા કેટલાક બુદ્ધિજીવી વિદ્વાનો અને લેખકો આપણી ભારતીય પ્રજાને તેનો સાચો ઈતિહાસ, ધર્મ અને સંસ્કૃતિથી અજ્ઞાત રાખી તેને ખોટા ઈતિહાસ, ધર્મ અને સંસ્કૃતિમાં ફસાવી રાખવા માટે એવાં નિર્લજ્જ અને બેઈમાન જૂઠાણાં ચલાવી રહ્યાં છે કે તેનો જગતમાં ક્યાંય જોટો જડવો અશકય છે. એમાંનું એક મહાન જૂઠાણું છે. મોહેનજોદડો અને હડપ્પાની સિંધુ ખીણની સંસ્કૃતિને વૈદિક સંસ્કૃતિમાં ખપાવવાનો. એ માટે તેઓ સેંકડો પ્રશ્નોની ઉપેક્ષા કરીને એકમાત્ર એવી એક મહોર મળી આવી છે, તે મહોરને તેઓ ઋગ્વેદની એક એવી ઋચા સાથે જોડી રહ્યાં છે કે જે ઋચામાં એક વૃક્ષ પર બેઠેલાં બે પક્ષીઓમાંનું એક પક્ષી ફળ આરોગી રહ્યું છે અને બીજું પક્ષી પ્રથમ પક્ષીનું માત્ર દ્રષ્ટાભાવે નિરીક્ષણ કરી રહ્યું છે. તેથી સિંધુ સંસ્કૃતિમાંથી મળેલી એ મહોરને આ વિદ્વાનો ઋગ્વેદ પર આધારિત મહોર માનીને સિંધુ સંસ્કૃતિ વૈદિક સંસ્કૃતિ પર આધારિત હોવાનું આપણી પ્રજાના માનસમાં ઠસાવે છે.

વાસ્તવિકતા એ છે કે આ વિદ્વાનો સિંધુ સંસ્કૃતિમાંથી મળેલી જે મહોરની વાત કરે છે એ મહોરમાં પક્ષીઓ જેવું કશું છે જ નહીં કારણ કે કહેવાતા એ પક્ષીઓને તો કાન અને શિંગડા પણ છે. વાસ્તવમાં પક્ષીઓને કાન કે શિંગડા હોતા જ નથી. વળી એ મહોરનું ચિત્ર જોઈને કોઈ પણ વ્યકિત એમાં પક્ષી છે એવું કહી શકે એમ પણ નથી જ. વાસ્તવમાં એ માછલી આકારના કોઈ જળચર પ્રાણીઓ હોય એવું લાગે છે. ખરેખર તો એ મહોર શેની છે તે આજે પણ, સંશોધનને પાત્ર છે. તેને વિદ્વાનો દ્વારા ઋગ્વેદની પ્રસ્તુત ઋચાની મહોર કહેવામાં જૂઠ અને છેતરપીંડી સિવાય કશું જ નથી.

જો એ મહોરમાં બે પક્ષીઓ છે એવું કોઈ વિદ્વાન પૂરવાર કરી બતાવે તો હું લખવાનું છોડી દેવા તૈયાર છું.

આ વિદ્વાનોને મારો પ્રશ્ન છે કે પક્ષીઓવાળી કહેવાતી મહોર નીચે ઋગ્વેદની સંબંધિત ઋચા કેમ નથી ? પૂરી સિંધુ સંસ્કૃતિમાં ઋગ્વેદની સંસ્કૃત ભાષા કેમ નથી ? તેમાં જે લિપિ મળી આવી છે તે ક્યાંથી આવી છે ? સિંધુ સંસ્કૃતિમાં ઋગ્વેદના ઋષિઓ, રાજાઓ, વર્ણવ્યવસ્થા, યજ્ઞો, અશ્વો વગેરે કશું જ ન હોવા છતાં એક કહેવાતી મહોરને કારણે સિંધુ સંસ્કૃતિના મૂળમાં વૈદિક સંસ્કૃતિ હોવાનું કહેતા તેમને સચ્ચાઈ અને ઈમાનદારી સતાવતી કેમ નથી ?

---

## ચિંતનકણિકા

**સંપાદક : મોહન ર. પટેલ**

**મો. : ૯૭૨૭૮ ૧૮૩૯૧**

* જીવનમાં હતાશા, નારાજગી અને લાચારીનો ભાવ જીતશો તો કંઈપણ કરવા માટે તમે સક્ષમ છો. **-LECH WALESA**
* ભાર લઈને ફરવું એના કરતાં જતું કરીને મુકત થઈ જવું તે વધુ બહેતર છે. **–કૃષ્ણકાંત ઉનડકટ**
* વિશ્વમાં ક્યાંય સ્વર્ગ નથી, કયાંય મોક્ષ નથી – તેમ કોઈ પરલોક નથી. વર્ણાશ્રમ વગેરે ક્રિયા અર્થહીન છે, તેથી કોઈ લાભ નથી. **–ચાર્વાક**
* એવું કશું જ નથી, પરંતુ ભયના કારણે ઈશ્વર–God નો જન્મ થયો છે. **–પેટ્રોનીયમ**
* Oxford Dictionary : Theory that reason is the foundation of certainity is knowledge.

---

**'સત્યાન્વેષણ'નું વાર્ષિક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/– છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605, IFSC = BARB0PARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે, અથવા મો. નં.–૯૯૭૮૮ ૯૬૩૬૪ પર ફોટો મોકલે.**

સત્તરમી બાલકૃષ્ણ પાઠકજી વિજેતા સ્પર્ધા (પ્રથમ વિજેતા કૃતિ)

# ધાર્મિક ઘેલછા અને સમાજ

–આચાર્યા નંદિની જયેશભાઈ

'ઘેલછા'નો અર્થ ઘેલાપણું, મનની એકમાર્ગી લાગણી કે આંધળી ધૂન થાય છે.

આજે સમાજમાં ધાર્મિક ઘેલાપણું છે એટલે કે ધર્મની આંધળી ધૂન છે કે જેથી લોકો અને સમાજ પર ઘણી અસરો થાય છે. જુદા જુદા ધર્મના લોકો જુદી જુદી અંધશ્રદ્ધામાં પડે છે.

લોકોને તેમના ધાર્મિક રિવાજો પ્રત્યે જ વધારે ઘેલાપણું હોય છે. કેટલાક રિવાજો એવા છે કે જેનાથી સમાજને ફાયદો થાય છે, પરંતુ લોકો તે રિવાજોને ધર્મની દ્રષ્ટિએ જ જુએ છે.

લોકોને પોતાના ધર્મ માટે બીજા ધર્મ પરત્વે મતભેદ થાય છે. તેની અસર સમાજ પર થાય છે. કેટલાક લોકો ધર્મમાં ઘેલા થઈ અંધશ્રદ્ધામાં વિશ્વાસ કરી બેસે છે.

લોકો અન્ય ધર્મને નીચો દેખાડી પોતાના ધર્મને મહાન બતાવે છે, જેનાથી ધર્મ બાબતે લોકો વચ્ચે ઝઘડા થાય છે. જે ધર્મના લોકો અને સમાજ માટે પણ એક અયોગ્ય વાત છે.

આવી અંધશ્રદ્ધા અને મતભેદના કારણે આપણાં ધાર્મિક સ્થળો જેવાં કે મંદિર, મસ્જિદ, ચર્ચ, ગુરુદ્વારાની સ્થાપનામાં પણ મતભેદો ઊભા થાય છે.

આજકાલ લોકો ધર્મના રિવાજો અને અંધશ્રદ્ધામાં ખૂબ જ ઘેલા બની ગયા છે. જેનાથી નુકશાન પોતાને અને સમાજને જ થાય છે.

ધાર્મિક લોકો આખો શ્રાવણ માસ શિવજીની પૂજા–આરાધના કરે છે. સવાર–સાંજ મંદિર જાય છે, અને શિવલિંગ પર તેઓ દૂધનો અભિષેક કરે છે, તે રિવાજ માન્યતા પ્રમાણે બરાબર જ છે, પરંતુ આ દૂધને શિવલિંગ પર અભિષેક ન કરી ગરીબો અને વૃદ્ધોને આપી દેવામાં આવે તો તેનાથી સમાજને ઘણો ફાયદો થાય. આપણી માન્યતા મુજબ દૂધનો અભિષેક કરવાથી ભગવાન પ્રસન્ન થાય છે, પરંતુ ખરેખર તો ગરીબોને સહાય કરવાથી આપણો અંતરાત્મા પ્રસન્ન થાય છે. શિવલિંગ પર ચડાવવામાં

આવેલું દૂધ એ જગ્યાએથી વહી કે ગટરમાં વહી મચ્છરનો ઉપદ્રવ કરે છે, તેનાથી મચ્છરનો ઉપદ્રવ વધી જાય છે જે આપણા માટે અને સમાજ માટે હાનિકારક છે.

આપણે સૌ આપણાં ધાર્મિક સ્થળો મંદિર, મસ્જિદ, ચર્ચ વગેરેમાં દાનરૂપે ધન આપીએ છીએ, અને વિચારીએ છીએ કે આવી રીતે ધન આપવાથી પુણ્ય થાય છે. પરંતુ તેની જગ્યાએ જો ગરીબો, અનાથાશ્રમ કે જે લોકોને ખરેખર સહાયની જરૂર છે તેવા લોકોને આપીએ તો તે યોગ્ય રહેશે.

ખબર નહીં માણસ કેવી કેવી અંધશ્રદ્ધામાં માની બેસે છે ! જ્યોતિષ અને ઢોંગીઓની વાતમાં આવીને લોકો દુનિયામાં અંધશ્રદ્ધા ફેલાવે છે. માનવી પોતાના ઉપર શ્રદ્ધા નથી રાખતો. તે માને છે કે જયોતિષ અને ઢોંગી–સાધુના કહેવા પ્રમાણે તે સફળ થશે. માનવી આવી અંધશ્રદ્ધામાં પડીને પોતાનું અને સમાજનું નુકસાન કરી રહ્યાં છે લોકો નજર કે કાળા કામ જેવી અંધશ્રદ્ધામાં વિશ્વાસ કરી લીંબુ, મરચાં, મીઠું જેવા પદર્થોનો અપવ્યય કરી નાખે છે.

લોકો પુત્ર પ્રપ્તિ માટે ઢોંગીઓ અને સાધુઓ પાસે જાય છે, અને તેમણે કહેલા ટુચકામાં અંધશ્રદ્ધાથી વિશ્વાસ કરીને પોતાનું અને સમાજનું નુકસાન કરે છે. આજે લોકો ધર્મની પાછળ ખૂબ જ ઘેલા બની ગયા છે.

આવી જ એક ઘટના સુરત શહેરમાં બનેલી હતી. જ્યાં પુત્રની પ્રાપ્તિ માટે અંધશ્રદ્ધામાં ડૂબેલી વ્યક્તિએ પોતાના જ પરિવારનાં સભ્યોને મોતને ઘાટ ઉતારી દીધા.

તેવી જ રીતે વિદ્યાર્થીઓ પણ સારા ગુણો મેળવવા માટે ભગવાન સમક્ષ માનતાઓ માને છે. અનેક પ્રકારના દોરા–ધાગા બંધાવે છે, જેનાથી એ મહેનત કરવાનું મૂકી દઈ અંધશ્રદ્ધામાં પડી જાય છે, અને તેનાથી એ પોતાનું અને સમાજનું નુકસાન કરી બેસે છે.

આપણા સમાજમાં સતીપ્રથા, વિધવાપુનઃ લગ્નની મનાઈ જેવા કુરિવાજો પ્રવર્તતા હતા, જે એક પ્રકારની અંધશ્રદ્ધા જ હતી અને તેવી અંધશ્રદ્ધા દૂર કરવામાં અને સમાજને આગળ લાવવામાં રાજા રામમોહનરાય, દુર્ગારામ મહેતા વગેરેનો ફાળો હતો.

આમ, ધર્મની પાછળ ઘેલા બની જવાથી સમાજ વધુ પાછળને પાછળ ધકેલાઈ જાય છે. સમાજ કયારેય આગળ વધી શકતો નથી.

## શ્રી છગનભાઈ મોહનભાઈ વણકર

જન્મ તા. : ૧૪–૦૨–૧૯૪૩ મૃત્યુ તા. : ૩૦–૦૩–૨૦૨૪



ગુજરાત રાજ્યના નર્મદા જિલ્લાના તિલકપાડા તાલુકાનું નાનકડા કંથરપુરા ગામે ગુલામી કાળમાં જન્મ થયેલ. જે આઝાદી મળ્યે ગામમાં જ પ્રાથમિક શિક્ષણ લીધેલું. વારસાગત ખેતી–પશુપાલન વ્યવસાય કરેલો. ત્યારબાદ ધો. ૫ સુધી ગામમાં જ ભણ્યા બાદ ધો.–૧૧ છાત્રાવાસ અને છાત્રાલયમાં રહી અભ્યાસ કરી ગૃહપતિની નોકરી કરેલ. ત્યારબાદ એમને પ્રાથમિક શિક્ષકની નોકરી મળી, અને નિમણૂંકના સ્થળે તા. ૨૪–૧૧–૧૯૬૪ નાં રોજ હાજર થયેલ. વર્ષ ૨૦૦૧ માં નિવૃત્ત થયેલ હતા.

શ્રી છગનભાઈ મોહનભાઈ વણકર નિવૃત્ત પ્રા. શિક્ષક જેઓનો જન્મ તા. ૧૪–૨–૧૯૪૩, મૃત્યુ તા. ૩૦–૦૩–૨૦૨૪ શનિવાર.

ગુજરાત રાજ્યના નર્મદા જિલ્લાના તિલકપાડા તાલુકાના તિલકપાડા નર્મદા નદી કિનારે આવેલ ગામમાં રહેતા હતા. વતન–કંથરપુરા ગામ. જેઓનું જીવન પ્રાથમિક શિક્ષકથી શરૂ થયેલ સફળતાપૂર્વક પ્રાથમિક શિક્ષક તરીકે વર્ષ ૨૦૦૧માં નિવૃત્ત થયેલ. તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ તરીકે રહ્યા બાદમાં નિવૃત્ત થતા પેન્સન મંડળના તાલુકાના પ્રમુખથી જિલ્લા પ્રમુખ બનેલા. ગુજરાત રાજ્ય પેન્સનર્સ મંડળના ખજાનચી તરીકે રહેલા. સમગ્ર જીવન દરમ્યાન સંઘર્ષમય જીવન પ્રમાણિકતા રાખેલ, પ્રજાકીય સેવાકીય કાર્યો કરેલ. એઓશ્રી ખૂબ વ્યવહારુ સ્પષ્ટ વક્તા હતા. ૮૨ વર્ષ પૂરા થતાં જન્મદિવસની ઉજવણી ખૂબ આનંદ ઉલ્લાસથી સગાંવહાલા મિત્રમંડળ સાથે કરેલ જે યાદગાર રહી ગઈ. તેઓએ પત્રકાર તરીકે પણ કાર્ય કરેલ. તેઓ સમાજ ઉપયોગી કાર્ય કરતા હતા. લેખન કાર્ય કરતાં સ્વ–અનુભવો ખૂબ નિખાલસથી વર્ણવતા. 'પાનખરે વસંત' અંક વિમોચન કરેલ. જેમાં તેઓ નિવૃત્ત કર્મચારી માટે ઉપયોગી પ્રવૃત્તિઓ કરી

મદદગાર બની રહેલ. તેમના પરિવારજનો છે બે પુત્ર તેમની પુત્રીઓ – એક પુત્રી તેમ જ તેમના ભાણાઓ સૌ સાથે ખૂબ જ સ્નેહીસ્વજન તરીકે જીવન જીવ્યા. તેઓએ જ્યારથી રેશનાલિઝમ વિવેકબુદ્ધિથી માનવવાદ અપનાવ્યો ત્યારથી તેઓ ખૂબ ખુશી જીવન જીવતા હતા. અંધશ્રદ્ધા વિરોધી પ્રવૃત્તિઓ કરી સમાજ સુખી બને તેવા પ્રયાસો કરતાં. પીડિતજનનું દુઃખ નિવારવા નિઃસ્વાર્થ પરોપકારી જીવન જીવવા પ્રયત્નશીલ રહેલા. ૮૨ વર્ષ સુધી જીવન જીવી ૮૩માં વર્ષના પ્રવેશ બાદ તેઓનું અચાનક રીતે અવસાન થયુ જે કુટુંબીજનો માટે દુઃખદાયક બન્યું છે. પરંતુ સત્ય એ જ છે કે જન્મે તેનું મરણ પણ નક્કી છે. સૌ લોકો એમને સ્નેહે 'કાકા' કહી બોલાવતા. કહેતા 'કાકા' સફળ જિંદગી જીવી ગયાં.

**નોંધ :** શ્રી છગનભાઈ વણકરે સત્યશોધક સભાને પ્રસંગોપાત દાન આપ્યા છે. ખાસ તો, એઓશ્રી આપણા 'સત્યાન્વેષણ'માં ડઝનબંધી લવાજમો મેળવી એમના વિસ્તાર અને વર્તુળમાં 'સત્યાન્વેષણ'ના વાચકોની સંખ્યામાં વારંવાર વધારો કરતા હતા. એમની ચિરવિદાયથી સત્યશોધક સભાના અમે સૌ કાર્યકરો વિષાદની લાગણી અનુભવીએ છે. સત્યશોધક સભાના એક સંનિષ્ઠ શુભેચ્છક–કાર્યકરને ગુમાવ્યાનો રંજ છે.

૨–૦૪–૨૪ —સૂર્યકાન્ત શાહ

(પ્રમુખ)

## વિનંતી

કેટલાક મિત્રો 'સત્યાન્વેષણ'ના લવાજમને રીન્યુ કરવાની, નવા સભ્ય બનવાની અને દાનની રકમ સત્યશોધક સભાના બેન્ક ખાતામાં સીધા જમા કરાવે છે. સારું કરે છે, પરંતુ જમા કરાવ્યાની વિગત અત્રે જરૂર મોકલે એવી નમ્ર વિનંતી છે.

---


## સત્યશોધક સભાનાં પ્રકાશનો

(૧) વિજ્ઞાન અને અલૌકિક ઘટનાઓ રૂા. ૫૦ – ડૉ. બી. એ. પરીખ

(૨) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ – ડૉ. બી. એ. પરીખ

(૩) આપણો માંદો સમાજ રૂા. ૩૦ – સૂર્યકાન્ત શાહ

(૪) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તિ) રૂા. ૩૫ –ડૉ. બી. એ. પરીખ

(૫) ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ –ડૉ. બી. એ. પરીખ

(૬) જ્યોતિષ વિજ્ઞાન નહીં, મિથ્યા કલ્પના રૂ. ૩૦ –ડૉ. બી. એ. પરીખ

(૭) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/– –સૂર્યકાન્ત શાહ

**મેળવવા માટે મ. ઓ. કરો.**

## કોદાળીવાળાને

(હરિણી)

કરમહીં ધરી કોદાળી તું મથે જહીં ખોદવા,
સમય વીતતા માર્ગો થાશે સીમેન્ટતણા નવા,
ઘડીક જરી થંભીને પાછો વળી જઈ બેવડ,
ત્વરિત ચઢી જા કામે હોમી, અધિક હજી બળ,
નજર તુજ પે માંડી બેઠો નજીક મુકાદમ,
છટણી થઈ જાશે ક્યારે તે પડે ન કદી ગમ.

પગ લથડતે સાંજે તારે ઘરે તું જઈશ જ્યાં,
નયન અધીરાં જોતાં તારી હશે નકી વાટ ત્યાં,
શ્રમિત કરથી મૂકી મોંમાં ઝપોઝપ કોળિયા,
ઢળી ઘડી પથારીમાં શ્વાસો લઈશ તું હાશના,
અવર જનકાજે તો ઊગે પ્રભાત નવાં નવાં,
ફરક તુજ કાજે તો સ્હેજે નથી દિન રાતમાં,

સપન કદી ના જોતો, તારે નસીબ લખાઈ છે–
જીવનભર આ કોદાળી ને ભવોની ભવાઈ છે.

(જાણીતા કવિ અને નવયુગ કૉમર્સ કૉલેજના પૂર્વ આચાર્યશ્રી જશવંત લ. દેસાઈના કાવ્ય સંગ્રહ 'સહસા'માંથી સાભાર)

## સત્યશોધક સભાને દાન

અમદાવાદના શ્રી સુરેશભાઈ પરીખ તરફથી સત્યશોધક સભાને રૂા. ૫,૦૦૦/– નું દાન મળ્યું છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

તા. ૩૧–૦૩–૨૪

સિદ્ધાર્થ દેગામી
તત્કાલિન ભૂ. પ્ર. (પ્રમુખ)

## ધર્મનું આંકડાશાસ્ત્ર

ધર્મના ઠેકેદારો ખૂબ હોંશિયાર છે. બુદ્ધિનો ભ્રષ્ટાચાર કરવામાં એમને કોઈ પહોંચી વળે એવું હમણાં તો દેખાતું નથી. વિજ્ઞાન કશુંક શોધે કે જે છેવટે લોકોના વૈજ્ઞાનિક અભિગમને વધારે સ્પષ્ટ કરતું હોય છે તેનો આ ધાર્મિક બૌદ્ધિક ભ્રષ્ટાચારીઓ ખૂબ હોંશિયારીપૂર્વક ઉપયોગ કરે છે.

આંકડાશાસ્ત્ર એક વિજ્ઞાન છે. એની સરેરાશની શોધે વિશ્વભરના વિચારોને બદલ્યા છે. આ સરેરાશમાં આ ધાર્મિકોને ભગવાન દેખાયા ! એમનું કહેવાનું એ છે કે ૮૦ વર્ષની અને ૧૦ વર્ષની બે વ્યકિતઓ કોઈ એક ઘરમાં રહેતી હોય તો તેમની સરેરાશ ઉંમર ૪૫ની થાય જે કોઈની નથી ! ૪૫ નો આંકડો જ એ ઘરની વ્યકિતઓની ઉંમરના સરવાળા (૮૦ + ૧૦) ÷ ૨ = ૪૫ કરે છે. આ ૪૫ નો આંકડો આવ્યો ક્યાંથી એવું ધાર્મિક ઠેકેદારો પૂછે છે. પોતે જ જવાબ આપે છે કે ખુદાએ તે નક્કી કર્યો. 'જે નથી તે છે' એ ગૉડ આંકડાશાસ્ત્ર દ્વારા તેઓ લોકોને જણાવે છે. આ ભ્રષ્ટાચાર પર આધાર રાખીને આ ધાર્મિક ઠેકેદારોએ લોકોને એ સફળતાપૂર્વક સમજાવ્યું છે કે એકએક સરેરાશ ભગવાનની મોકલેલી છે. એમની આ સફળતાએ લોકોનું પારાવાર નુકસાન કર્યું છે.

## કાર્ય–કારણ ક્યાં ?

હોકિંગે જણાવ્યું કે સચરાચરમાં ઘન(+) અને ઋણ (–) ભેગા થઈને શૂન્ય અસર ઉપજાવે છે. એ જ પ્રમાણે જેટલા પદાર્થો છે (Matter) તેટલી જ પદાર્થહીનતા (Anti-matter) છે. ઘન–ઋણની જેમ એમની પણ સમતુલા જળવાય છે. અપવાદરૂપ પરિસ્થિતિમાં આ સમતુલા જળવાતી નથી. જ્યારે જ્યારે અસમતુલા થઈ છે ત્યારે ત્યારે સચરાચરમાં કોઈને કોઈ ફેરફાર થાય છે. આ અસમતુલાની બનતી ઘટનાનું કોઈ કારણ દેખાતું નથી, હોતું નથી. આપણે રેશનાલિસ્ટો વારંવાર જે કાર્ય–કારણના સિદ્ધાંતની દુહાઈ લઈએ છીએ તે આ અસમતુલાની ઘટનામાં દેખાતો જ નથી ! જાણવા જેવું છે કે અસમતુલાને કારણે થયેલ ફેરફારોમાંથી જ જીવ અને ત્યારબાદ ડાર્વિનના સિદ્ધાંતાનુસાર માનવનું સર્જન થયું છે ! આમ માનવ–સર્જનની જે પ્રક્રિયા માલુમ પડે છે, અને એના મૂળમાં જે એકકોષી જીવ છે, તેના સર્જનમાં કોઈકને કોઈક અસમતુલા, કે જેનું કારણ માલુમ પડતું નથી, તે અસમતુલા કારણભૂત છે !

# ગોધરાના પહેલા અધિવેશનમાં ડો. સુજાત વલી તરફથી રજૂ થયેલ કેટલાક વિચારો

## Survival of the fittest

આપણે આપણી પ્રજાને ટકાવી રાખવાની હશે કે નવા પડકારો – ફેરફારો સામે ટકી રહેવું હશે તો આપણે આપણી પ્રજાને સક્ષમ–વધુ સક્ષમ બનાવવી પડશે. સૌ સજીવોનો પ્રાકૃતિક / બ્રહ્માંડે સર્જેલા સંસાધનો / કુદરતી ખજાના પર સમાન હક છે અને આ જ રીતે વિકાસનાં પરિણામો કે ફાયદાઓ પર સરખો હક બને છે. દરેકનો વિકાસ શ્રમ આધારિત જ હોઈ શકે છે. બુદ્ધિથી પણ વિકાસ શકય છે પણ સૌ વિકાસ / બદલાવ એ સહિયારા પ્રયાસોનું પરિણામ છે, અને તે માનવસર્જિત જ છે. બદલાવ / વિકાસ / ઉત્ક્રાંતિમાં બદલાવ એ અગત્યનું પરિબળ છે. એ ઉપરાંત સંજોગો–આસપાસની પરિસ્થિતિ કે બદલાવ–પડકારો પણ ભાગ ભજવે છે. દરેક પ્રજાતિની વિભિન્નતા જનીનની વિવિધતા કે બદલાવની સમજ mitosis અને meiosis થી સમજાવી શકાય. જેમાં અમુક ચોક્કસ પ્રજાતિઓ જ વિકાસ કે ઉત્ક્રાંતિ કરી શકે છે. એ પણ જનીનમાં થતાં મ્યુટેશનને આધારિત સમજથી સમજાવી શકાય એમ છે, અને તેના પુરાવાઓ પણ છે. એટલે કે, વિભિન્નતા / બદલાવ પૂર્વાધારિત હોઈ શકે જ નહિ. વિકાસ, શ્રમ અને બુદ્ધિના વિકાસ, ઉપયોગો અને ફેરફારો પર આધારિત છે. તે આકસ્મિક કે લાંબાગાળા સુધી પ્રસરી શકે છે, પરંતુ પૂર્વાધારિત એટલે કે, 'નસીબ' આધારિત રહેતો નથી. આમ, ડાર્વિનવાદ (ઉત્ક્રાંતિવાદ) વિવિધ ધર્મોની Mythology આધારિત પૂર્વધારણાઓ આપે છે.

બ્રહ્માંડ વિશે, માનવની ઉત્ક્રાંતિ વિશે, જન્મ મરણ વિશે, સંજોગો વિશે, વિકાસ, ઉત્ક્રાંતિ, સંસાધનો, પ્રાકૃતિક પરિબળો કે બદલાવ વિશે, સૌ પૂર્વધારણાઓ વૈજ્ઞાનિક તાર્કિક પુરાવાઓથી છેદ ઉડાવી દે છે. દરેક સજીવને વિકાસના સંસાધન / પ્રાકૃતિક સાધનો પર સમાન તક આપવાની વાત કરે છે. સજીવ–સજીવ વચ્ચે કે એક જ પ્રજાતિના સભ્યો વચ્ચે ઊંચ–નીચના ખ્યાલોને જાકારો આપે છે. વિકાસમાં શ્રમને વધુ મહત્વ આપે છે. સંજોગોમાં કે સાધનોના બદલવામાં પણ શ્રમની ભૂમિકાને પ્રાધાન્ય આપે છે. દરેક જીવ કે પ્રજાતિની ઉત્પત્તિ એક સમાન કોષમાંથી થઈ હોય તો સૌને સમાન ગણવા જોઈએ. જેમાં આર્થિક તકો પણ સરખી હોવી જોઈએ, અને અલગ–અલગ જાતિ–પ્રજાતિ

કે ધર્મોના ભેદભાવનો ડાર્વિને પોતાના ખ્યોલોની સાબિતી સાથે છેદ ઉડાવ્યો છે.

આમ, ઉપરોક્ત અસરોને લીધે વિવિધ ધર્મોની Mythology ના પાયા હચમચી જાય તેમ છે. ધર્મોની ઉત્પત્તિ અને તેમનું અસ્તિત્વ જોખમમાં મુકાય તેમ છે.

આ ઉપરાંત ઉપરોકત ખ્યાલોની અસરો રાજકીય અને સામાજિક પરિબળો પર પણ પડી શકે એમ છે.

## ડાર્વિનવાદ

સમગ્ર દુનિયામાં હજુ પણ કોઈ એક ઘટના પર રહસ્ય કે ગુઢતા અકબંધ રહી હોય તો, તે સવાલ છે 'બ્રહ્માંડ કેવી રીતે બન્યું ? શા માટે વૈજ્ઞાનિકોએ અલગ–અલગ થિયરી તથા સાબિતી સાથે લગભગ ૨૦ હજાર કરોડ વર્ષ પહેલા એક સૂક્ષ્મ શકિતશાળી અણુ જેવા કણમાંથી બિગબેંગ થીયરી દ્વારા પુરા બ્રહ્માંડની રચના થઈ.' વખત જતા તેમાં અસંખ્ય તારાઓ, અસંખ્ય ગેલેકસી, અસંખ્ય ગ્રહો બન્યા અને તેની સાબિતી માટે કૃત્રિમ રીતે બિગબેંગ થિયરીનો પ્રયોગ પણ ઈ.સ. ૨૦૧૯માં કરવામાં આવ્યો, પરંતુ હજુ આમ જનતામાં બિગબેંગની સ્વીકૃતિ થઈ નથી. કદાચ અજ્ઞાનતા અને વૈજ્ઞાનિક અભિગમનો અભાવ તેમાં જવાબદાર દેખાશે. તેમાં બે મત નથી. બિગબેંગ થિયરી પછી વૈજ્ઞાનિકોએ સાબિત કરેલી એક અન્ય ઘટના જેને સુપર નોવા કહેવાય છે, જે દ્વારા અસંખ્ય તારામંડળો પ્રચંડ ધડાકાથી અથડાયા, જોડાયા અને તૂટયા તેમાંથી અનેક ધાતુઓના કણો અલગ થયા, જે ધાતુઓના કણો બ્રહ્માંડમાં અનેક તારાઓમાં અને ગ્રહોમાં આજે પણ જોવા મળે છે.

આમ, બિગબેંગ થિયરી અને સુપરનોવા બંને ઘટનાઓ વૈજ્ઞાનિક રીતે ચોક્કસપણે સાબિત થઈ છે. અત્યારે પૃથ્વીના પડોમાં લોખંડ, તાંબુ, નિકલ, સોનુ, આર્યન વગેરે હજુ છે જ. જે આ ઘટનાઓની માહિતીને વધુ દ્રઢ બનાવે છે.

આવી બીજી જ મહત્વની ગુઢતા મનુષ્યના અસ્તિત્વ વિશે છે. માનવ કેવી રીતે અસ્તિત્વમાં આવ્યો, અને શા માટે ? આ ગુઢતા અને રહસ્યનો ઉકેલ જ્યારે વિજ્ઞાન પાસે ન હતો ત્યારે ઘણા બધા ધર્મોએ પોત–પોતાની રીતે એના ઉકેલ શોધ્યા અને અલગ અલગ થિયરી વડે સમજાવવાની કોશિશ કરી. માનવો પાસે એ સિવાય કોઈ બીજો આશરો ન હતો. તેથી ધર્મોએ રચેલી કેટલીક કાલ્પનિક વાતો અને થિયરીઓ પર આધાર રાખીને શ્રદ્ધાના નામે માનવ એ થિયરીઓમાં માનતા રહ્યાં. પરંતુ લગભગ છેલ્લાં ૭૫ વર્ષથી વિજ્ઞાન અને માનવે ડાર્વિનના ઉત્ક્રાંતિવાદ દ્વારા તથા અનેક વૈજ્ઞાનિક

સાબિતીઓ જે એમને પૃથ્વીના પડોમાં દટાયેલા fossil અને પેટાળમાં રહેલી અનેક ધાતુઓમાં જર્જરિત થયેલ અવશેષોના આધારે તથા વિશ્વના અલગ–અલગ ખૂણે મળેલા પ્રાચીન અસ્થિકંકાલોના અભ્યાસ, જનીનશાસ્ત્રના જ્ઞાન તથા પ્રાચીન અવશેષોમાં મળેલ પુરાવાઓ તેમજ પ્રાણીશાસ્ત્રના અને વનસ્પતિશાસ્ત્રના અભ્યાસથી મળેલ સાબિતીઓથી સજીવ સૃષ્ટિનું અસ્તિત્વ અને માનવ જાતિની ઉત્ક્રાંતિની સમજ આપણે વૈજ્ઞાનિક સાબિતીઓ દ્વારા સ્વીકારી શકાય છે. આધુનિક ટેકનોલોજીના જ્ઞાનથી ઈલેકટ્રોન અને પ્રોટોન તથા મૅગ્નેટિક ફિલ્ડની સહાય વડે કોઈપણ પ્રાચીન અવશેષોની ઉંમર નક્કી કરવામાં સફળતા મળી છે. તથા જનીનશાસ્ત્રના જ્ઞાન વડે તેની કડીઓ શોધાય છે. એટલે હવે વૈજ્ઞાનિક રીતે માનવ જાતિની ઉત્ક્રાંતિ કોઈ નકારી શકે તેમ નથી, અને અનેક ધર્મ વડે ફેલાવેલા કાલ્પનિક ઈશ્વરીય ચમત્કારથી થયેલ માનવના જન્મને શિક્ષિત માનવ સ્વીકારશે નહિ. માનવની પાછલી પેઢીઓ જેવી કે, વાનર અને ચિપાન્ઝીના જીનેટીકસમાં ઘણી બધી સામ્યતા જોવા મળે છે. તેવી જ રીતે સસ્તન પ્રાણીઓમાં અને વ્હેલમાછલી તથા હિપોપોટેમસ પ્રાણીના વર્તાવમાં ઘણી સામ્યતા જોવા મળી છે. કેટલાંક સસ્તન પ્રાણીઓમાં પક્ષીમાં અને માનવના અસ્થિતંત્રમાં પણ ઘણી સામ્યતા ગર્ભાવસ્થાના છેલ્લા તબક્કામાં દેખાય છે. શરૂઆતમાં દરેક પ્રાણી અને પક્ષીના ગર્ભ સમાન દેખાય છે. એ પુરવાર કરે છે કે લગભગ બધા પ્રાણીઓ અને પક્ષીના પૂર્વજો એક સમાન હોવા જોઈએ. નવ અઠવાડિયાના ચામાચિડિયાના, કૂતરાના, બિલાડીના અને માનવનો ગર્ભ સરખાવતા માલૂમ પડે છે કે આ વિવિધ પ્રાણીઓના ગર્ભને અલગ–અલગ તારવી શકાતા નથી.

## જન્મ

ત્રીજી ઘટના એ માનવનો જન્મ છે. લગભગ છેલ્લા ૬૦ વર્ષમાં માનવોમાં નવા બાળકનો જન્મ કે ગર્ભ કેવી રીતે રચાય છે તેનું ઊંડું જ્ઞાન વૈજ્ઞાનિકો મેળવવામાં સફળ રહ્યા છે. કેટલાક અપવાદોને બાદ કરતા સ્ત્રી અને પુરુષ જાતિમાંથી નવા ભ્રૂણ કે ગર્ભની રચના કેવી રીતે થાય છે, તે વૈજ્ઞાનિક સાબિતી સાથે સૌ માનવ પામી ગયા છે, અને તે સ્વીકારે છે. જેઓનું જીવંત ઉદાહરણ હવે ટેસ્ટટયુબ બેબી ટેકનોલોજી દ્વારા લેબોરેટરીમાં નવા ગર્ભનું કૃત્રિમ રીતે નિર્માણ શકય બન્યું છે. છેલ્લાં ૬૦ વર્ષોથી એક પછી એક રીસર્ચ દ્વારા જન્મનું રહસ્ય વૈજ્ઞાનિકો શોધી શકયા છે, એટલે કોઈ સ્ત્રીને બાળક કેમ થતું નથી, તેનું કારણ મોટે ભાગે શોધી શકાય છે, અને સારવાર વડે એ સ્ત્રીને માતૃત્વ આપી શકાય છે. એટલે હવે આજના જમાનામાં જન્મ અને નવા ગર્ભ રહેવાની ઘટનાને રહસ્ય

માનવામાં આવતું નથી. હજુ પણ જે લોકો અશિક્ષિત છે, અજ્ઞાની છે અને વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા નથી અથવા તો જાણે–અજાણે વૈજ્ઞાનિક હકીકતોથી વાકેફ નથી કે સ્વીકારતા નથી તેઓ માટે હજુ પણ જન્મ (અવતાર) એ ગૂઢ રહસ્ય બની રહયું છે. એટલે જ અવિકસિત દેશોમાં હજુ પણ લોકો ડોકટર્સ પાસે જવા કરતા અંધશ્રદ્ધાને તાબે થઈ અમુક ધાર્મિક પાખંડીઓ સહાય લેવા માટે ઉમટી પડે છે.

નવા માનવના જન્મ માટે એક શુક્રકોષ અને અંડકોષની જરૂર પડે છે. સ્ત્રી પુરુષના સમાગમ દરમિયાન શુક્રાણુ યોનિમાર્ગથી ગર્ભાશયમાં પ્રવેશે અને અંડનલિકામાં દાખલ થાય છે. અંડનલિકાના મધ્યભાગના અંડાશયમાંથી છૂટો પડેલો પરિપકવ અંડ અને શુક્રાણુનું મિલન થવાથી આકસ્મિક રીતે ફલીનીકરણ થાય છે. બંને પ્રજનન કોષના ફલીનીકરણ થવાથી નવો કોષ બને છે. જેને કોષ કહેવાય છે. બંને પ્રજનન કોષોમાં ૨૩ +૨૩ રંગસૂત્રો હોય છે. જેના સંયોજનથી નવા ગર્ભમાં ૪૬ રંગસૂત્રો બને છે. આ ગર્ભનું ૪–૫ દિવસ વહન થઈને ગર્ભાશયના પોલાણમાં પહોંચીને ગર્ભાશયની દિવાલમાં સ્થાપન થાય છે, તેને ગર્ભ રહ્યો હોવાનું કહેવાય છે. (કેમ અમુક જ શુક્રકોષો અંડકોષને છેદીને ફલીનીકરણ કરી શકે છે. તેના રહસ્યો પામવાનું રીસર્ચ ચાલી રહ્યું છે.) નવ મહિના સુધી ગર્ભાશયમાં વિકાસ થયા પછી અમુક ચોકકસ પ્રક્રિયાઓના લીધે પ્રસૂતિનું દર્દ શરુ થાય છે અને પ્રસૂતાને ડિલિવરી થાય છે. ગર્ભનાળને છૂટી કરતા નવજાત શિશુ પોતાના ફેફસાં દ્વારા હવામાંથી ઑકિસજન ગ્રહણ કરી હૃદય દ્વારા દરેક અંગને ઑકિસજન અને પોષણ પૂરું પાડે છે. આ બધી વૈજ્ઞાનિક સમજો વર્ષોના અભ્યાસ અને રીસર્ચ દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલ છે. જેથી હવે અમુક સ્ત્રીઓને બાળક કેમ નથી થતું  અથવા કેમ થાય છે, તે અપવાદ સિવાય જાણવાનું મુશ્કેલ રહ્યું નથી અને એવી જ રીતે આનુવંશિક અને આનુવંશિક રોગોને સમજવામાં પણ સરળતા સાંપડી છે.

## મરણ

મોટાભાગની વસ્તીમાં હજુ પણ કોઈ રહસ્યમય ઘટના સમજાતી ન હોય તો તે છે મરણ. મૃત્યુ એ એક નરી વાસ્તવિકતા છે. વિજ્ઞાન શરીરને, અંગોને, અલગ–અલગ સિસ્ટમને અને શારીરિક કાર્યોને ભૌતિક ઘટના તરીકે સ્વીકારે છે. કોઈપણ યંત્ર જ્યારે લાંબાગાળા માટે કામ કરે છે, ત્યારે તેમાં ઘસારા, તોડફોડ અને અકસ્માતો સર્જાય શકે છે. તેવી જ રીતે માનવના શરીરમાં ઘસારા, તોડફોડ અને આકસ્મિક ઘટનાઓ દ્વારા અનેક

ઈવેન્ટ્સ બને છે. રોગ થવા એવી જ એક ઘટના છે. કોઈ અંગ બરાબર કામ કરતું ન હોય અને તે વ્યક્તિને તે રોગ થાય તે સ્વાભાવિક છે. સજીવ કોષોના પાંચ કાર્યો શ્વસન, પાચન, વહન, ઉત્સર્જન અને પ્રજનનનું. આ કાર્યો એ કોષની જીવંતતાની સાબિતી છે. અનેક કોષો ભેગા મળીને સ્વતંત્ર રીતે અને સંયુકત રીતે અમુક ચોક્કસ પ્રકારનાં કાર્યો કરતા હોય છે. રકતકણો ઑકિસજનનું વહન કરે છે. અંડકોષ અને શુક્રકોષ પ્રજનનનું કામ કરે છે. કોષોના કેન્દ્રમાં રહેલ ન્યુક્લીયસ વ્યવસ્થાપન અને પ્રજનનનું કામ કરે છે. જેમાં મુખ્ય DNA & RNA હોય છે. DNA કોષ અને તે અંગેના વિકાસનો કોડ હોય છે. RNA એ વ્યવસ્થાપનની અને પ્રજનનની અનેક ક્રિયાઓમાં ભાગ ભજવે છે. જો કોઈ કોષમાં કે અંગમાં આ બધી પ્રક્રિયાઓ કાયમ માટે બંધ થાય તો, તે કોષને કે અંગને મૃત થયેલો જાહેર કરી શકાય છે. કોઈ વ્યક્તિના બધાં જ અંગોમાં આ બધી જ પ્રક્રિયાઓ કાયમ માટે બંધ થાય તો, તે વ્યકિતને મૃત થયેલી જાહેર કરી શકાય. મગજ, હૃદય અને ફેફસાંના બધા જ કોષો જો કાયમ માટે કામ કરતા બંધ થઈ જાય તો, તે વ્યક્તિનું ચોક્કસપણે મૃત્યુ થયું કહી શકાય. બ્રેનડેડ નામની અપવાદરૂપ સ્થિતિને બાદ કરીએ તો મરણને સીધી અને સરળ રીતે આપણે વૈજ્ઞાનિક રીતે સમજી શકીએ એમ છીએ.

## લગ્ન

દુનિયાના મોટા ભાગના વૈજ્ઞાનિકો તત્વચિંતકો, સમાજશાસ્ત્રીઓ ઈતિહાસવિદો લગ્ન નામની સંસ્થાને માનવસર્જિત માને છે. નવા જન્મેલા બાળકની સાર, સંભાળ, ઉછેર, રક્ષણ અને વિકાસમાં સહાય કરવા જેવી મૂળભૂત બાબતોને ધ્યાનમાં રાખીને એક ટૂંકા ગાળાની વ્યવસ્થા એટલે લગ્ન. માનવની મૂળભૂત પ્રકૃતિથી ઉભી થતી સંભવિત સમસ્યાઓને નાથવા, રોકવા અથવા તો ઉકેલ કાઢવા કેટલાક દૂરંદેશી તત્વચિંતકોએ ઊભી કરેલ કામચલાઉ વ્યવસ્થા એનું નામ ‘લગ્ન’. આમ, તો ઘણા માનસશાસ્ત્રી અને તત્વચિંતકોએ એને બિનજરૂરી, અવાસ્તવિક, વિવેકહીન અને કૃત્રિમ સંસ્થા ગણાવી છે. વિકસિત સમાજમાં–પરિપકવ સમાજમાં લગ્ન નામની સંસ્થાનું કોઈ વજૂદ ગણાતું નથી. કારણ કે, મૂળે તો બે વ્યક્તિઓના સંબંધો માનવસહજ વૃત્તિને આધારે કાયમ માટે જળવાય રહે, ટકી રહે તેવુ ચોક્કસપણે અપેક્ષિત હોય નહિ કારણ કે, બે વ્યકિતઓની માનસિક અપેક્ષાઓ અને શારીરિક અપેક્ષાઓ કાયમ માટે એક સરખી જ રહે તેવું

સાયકોલોજીસ્ટ કે વિજ્ઞાન માનતું નથી. તેવા સંજોગોમાં લગ્ન નામની સંસ્થા અવાસ્તવિક તથા અપ્રસ્તુત બની જવાના ઘણા બધા સંજોગો છે.

બે વ્યક્તિના લગ્ન પૂર્વધારિત કે પૂર્વનિશ્ચિત હોય છે કે, કાલ્પનિક સ્વર્ગમાં નક્કી થયેલ હોય છે તે વાતોનું વજૂદ નથી હોતું. કુંડલીશાસ્ત્ર કે જ્યોતિષશાસ્ત્ર કે અન્ય ધર્મના શાસ્ત્ર પણ લગ્નને વૈજ્ઞાનિક ઘટના તરીકે સાબિત કરી શકતી નથી. દરેક ધર્મમાં લગ્નને અલગ–અલગ રીતે વર્ણવામાં આવ્યા છે. વૈજ્ઞાનિક રીતે લગ્ન એ નવા જન્મેલ બાળકોનું રક્ષણ સાથ અને વિકાસ માટે મદદરૂપ થતી એક કામચલાઉ સંસ્થા તરીકે સ્વીકારાય છે કે જેથી તેમાંથી ઉદ્દ્ભવતા ગૂંચવાડા અને સમસ્યાઓનો ઉકેલ સહેલાઈથી લાવી શકાય. પશ્ચિમના દેશોમાં રાજ્યો બાળકોની જવાબદારી સંભાળી લે છે. પરિણામે, આવી સંસ્થાઓની ખાસ જરૂર રહેતી નથી, તથા તેમનું વજૂદ રહેતું નથી. અવિકસિત દેશોમાં અવિકસિત સમાજોમાં હજુ પણ લગ્નનું વજુદ અલ્પ પ્રમાણથી માંડીને સંપૂર્ણ જડતા સુધી કાયમ માટે ટકી રહે છે, તે આશ્ચર્યની વાત છે. એ વાત ચોક્કસ છે કે, એમાં કશું પણ પૂર્વનિર્ધારિત કે કાલ્પનિક દૈવી શકિતઓનો કોઈ રોલ છે એવું કયારેય સાબિત થયું નથી.

## આર્થિક સ્થિતિ

માનવ પોતાની આર્થિક સ્થિતિનું નિર્માણ પોતાની શક્તિ, પોતાનું જ્ઞાન, વિદ્વતા, સંનિષ્ઠ, સમર્પણ અને ખૂબ અલ્પ પ્રમાણમાં સંજોગોનો આધારે કરતો હોય છે. (ઘણા કુટુંબમાં બધા ભાઈઓને સરખા સંજોગો અને તકો સાંપડવા છતાં અમુક ભાઈ વધારે વિકાસ કરે છે કારણ કે, તે પોતાની બુદ્ધિ, કાર્યક્ષમતા અને ચપળતાને કારણે અમુક તકો ઝડપથી ઝડપી લે છે. એટલે સંજોગો કરતાં પણ પોતાની કાર્યક્ષમતા અને ચપળતા વિકાસનાં મુખ્ય પરિબળો બને છે.)

**ઉદાહરણ : મુકેશ અંબાણી અને અનિલ અંબાણી, રાજકપૂર અને રણબીરકપૂર.**

માનવના વિકાસમાં કોઈ ચમત્કારિક શક્તિનો કે તેના જેવી કાલ્પનિક શક્તિનો કોઈ રોલ નથી. જો માનવના વિકાસમાં ધાર્મિકતા કે આવી કાલ્પનિક શકિતનો પ્રભાવ હોત તો દક્ષિણ એશિયાના દેશો જેવા કે ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લા દેશ વગેરે. વિકાસની હરોળમાં અગ્રેસર બની ગયા હોત. બહુસંખ્યક પ્રજા ગરીબીમાં જીવી રહી છે અને મૂળભૂત જરૂરિયાતો પણ સંતોષી શકતી નથી. જે દેશોમાં શિક્ષણ અને વિકાસનો પ્રચાર–પ્રસાર વધ્યો, મહત્તા વધી વિજ્ઞાન અને ટેકનોલોજીનો વધુ ઉપયોગ થવા માંડયો.

તે દેશોની પ્રજા વિકાસની હરોળમાં આજે અગ્રેસર બની છે. એટલે કે, આર્થિક સ્થિતિ માટે કોઈ કાલ્પનિક ચમત્કારી પરિબળો કરતા મહેનત, પુરુષાર્થ, સમર્પણ, આયોજન, અને તકોને ઝડપી લેવાની સાહજિક વૃત્તિ મહત્વનાં પરિબળો તરીકે પુરવાર અને સ્વીકૃત થયા છે.સામજિક અને રાજકીય પરિસ્થિતિ કોઈપણ કાલ્પનિક કે ચમત્કારિક શક્તિઓ પર આધારિત હોતી નથી. મોટા ભાગે આર્થિક અને સામાજિક પરિસ્થિતિ–ત્રણે એકબીજા સાથે સંકળાયેલી જોવા મળે છે. મોટે ભાગે ત્રણે પરિસ્થિતિઓ વિકાસની સાથે–સાથે અને એકબીજાને આધારિત હોય છે. કદાચ ઈતિહાસના કોઈ તબકકે કોઈ રાજકીય પરિસ્થિતિ, સામાજિક પરિસ્થિતિ કે આર્થિક પરિસ્થિતિ કોઈ ચોક્કસ સંજોગોને આધારે વધુ બદલાતી હોય કે વિકાસ પામતી હોય તો, તે મહદ્અંશે કામચલાઉ કે ટૂંકા ગાળાનો વિકાસ બની રહે છે. સંજોગો બદલાતા ફરીથી તેમાં અધોગતિ જોવા મળે છે, પરંતુ જે સામાજિક વિકાસ રાજકીય અને આર્થિક વિકાસના સથવારે અને સહયોગથી પ્રગતિ પામે છે, તે લાંબાગાળાના વિકાસ તરીકે ટકી રહે છે.

ઉપરોકત ચર્ચાના અંતે એવી પ્રતીતિ થાય છે કે સમગ્ર સૃષ્ટિના વિકાસમાં માનવના વિકાસમાં સમગ્ર જીવસૃષ્ટિનો સહકાર અનિવાર્ય છે. અને દરેકના વ્યકિતગત વિકાસ માટે દરેકના વ્યકિતગત પરિબળો કારગત પુરવાર થયા છે. દરેક વ્યક્તિ કે સમાજનો વિકાસ વ્યક્તિગત અને સહિયારા પ્રયાસોને આધારિત છે. આ સ્વીકારવું અને એની મર્યાદાઓને સ્વીકારવું કે પરિણામોને સ્વીકારવું એ જ સાચો વૈજ્ઞાનિક અભિગમ છે.

---

**રેશનલ ચળવળ**

બનાસકાંઠા જિ. અંધશ્રદ્ધા નિર્મૂલન સ.–પાલનપુર, ગુ. મુ. રેશનાલિસ્ટ એસો. અને અવાજ સંસ્થા દ્વારા બી.બી.સી.ના પત્રકાર તેજસ વૈદ્યનું પત્રકારત્વ ક્ષેત્રે પ્રશંસનીય યોગદાન આપવા બદલ રામનાથ ગોયેન્કા એવોર્ડ તા. ૩૧–૩–૨૪ના રોજ અમદાવાદમાં અર્પણ કરવામાં આવ્યો. ઉપરાંત યુવાનોને કેન્દ્રમાં રાખીને કયા કાર્યક્રમો યોજી શકાય તેના પર ચિંતન થયું હતું. ખાસ તો રેશનાલિઝમને કેન્દ્રમાં રાખીને યુવાનોને કાર્યરત રાખવા અંગે વિશદ ચર્ચા થઈ હતી. બન્ને કાર્યક્રમોમાં પ્રકાશ ન. શાહ, યશવંત મહેતા, અશ્વિન કારીયા, તેજસ વૈદ્ય, ગિરીશ સુંઢીયા, સિધ્ધાર્થ દેગામી, પિયૂષ જાદુગર, ડૉ. ઝરણાં પાઠક, જગદીશ પટેલ, સત્યમ્ જોશી, મનીષી જાની, તૃપ્તિબેન શેઠ, પંક્તિ જોગ, ધ્રુવ ગુપ્તા, અલ્ફિના અને વિક્રમ વજીરે પોતપોતાની ભૂમિકા અદા કરવા ઉપરાંત પોતાના મંતવ્યો પ્રગટ કર્યા હતા.

# શોધું સ્વરાજ સપનાનું

મુંબઈના ભગવાનજી રૈયાણીએ 'શોધું સ્વરાજ સપનાનું' પુસ્તકનું નિર્માણ કર્યું છે. એ પુસ્તકને આવકારતા રઘુવીર ચૌધરીએ રેશનાલિઝમને પુષ્ટિ આપતા કરેલા કેટલાક વિધાનો :

''સૌરાષ્ટ્રમાં અમારા રૈયાણી પરિવારમાં લગભગ બે હજાર ઘરો છે. એમાંથી કોઈનાં લગ્નો કુંડળી મેળવીને થતાં નથી. મારી જાણ મુજબ એમાંથી એકપણ કેસ છૂટાછેડાનો થયો નથી. જ્યારે કુંડળી મેળવીને કરાયેલા લગ્નોમાંથી હજારો છૂટાછેડાઓમાં પરિણમે છે, એ વિશે આપને શું કહેવું છે ?'' (પૃ. ૧૮૪)

પ્રશ્ન પૂછાયો છે, જાણીતા જ્યોતિષી પ્રો. ઘનશ્યામ જોષીને, બીજા પણ કોઈ જ્યોતિષી પાસેથી આવા પ્રશ્નનો સંતોષકારક ઉત્તર ભાગ્યે જ મળી શકે. ફળજ્યોતિષને આજીવિકાનું સાધન બનાવી બેસનાર માણસો સમાજને ભોળવતા હોય તો એમની સામે લાલબત્તી ધરવાની પ્રત્યેક જાગ્રત નાગરિકની ફરજ છે. શ્રી રૈયાણીની ખૂબી એ છે કે એ લાલબત્તી ધરીને અટકી જતા નથી સામા પક્ષને આંજી દેવા મથે છે. આ લક્ષણ સુધારકનું છે. એક અભ્યાસી તરીકે શ્રી રૈયાણી જ્યોતિષગણિતની સિદ્ધિઓ કદાચ જાણતા હશે, પણ ફળજ્યોતિષ સામેનો એમનો રોષ એ આખા શાસ્ત્ર પર છેકો મારવાનો ઉત્સાહ દાખવે છે. નર્મદના જમાનાથી આમ થતું આવ્યું છે. જો કે શ્રી રૈયાણી નર્મદની જેમ નજીકના સમયમાં પુનઃવિચાર કરે, જુનવાણી બને એવું લાગતું નથી અને એ સમાજના હિતમાં છે.

પોતે શા માટે ભવિષ્ય જાણી જોવા માંગતા નથી, એનો ખુલાસો ગળે ઊતરે એવો છે : ''હું આવનાર સમયની ઘટનાઓ અગાઉથી જાણી લઈને જીવન જીવવાનો રોમાંચ નષ્ટ કરવા નથી માંગતો. નાટક કે સિનેમા જોતા પહેલાં એની વાતો જાણી લઈએ તો જોવાની મજા શી આવે ?''

સદા સક્રિય માણસોને ભવિષ્યનો ભય હોતો નથી. અંધશ્રદ્ધામાં ન માનવું એટલે નિર્ભય હોવું.

# રમણભાઈ પાઠક અને પેરિયાર–૨

(સુરતની 'નવસર્જન અને ઝેવિયર્સ સેવ ફોર હ્યુમન ડેવલપમેન્ટ' સાથે રહીને



સત્યશોધક સભાએ 'રમણભાઈ પાઠક અને પેરિયાર' પર સેમિનાર યોજેલો. આ સેમિનારમાં વ્યકત થયેલ વિવિધ વિચારોના ભાથાંને 'સત્યાન્વેષણ'માં અત્રે પ્રસિદ્ધ કરવામાં આવે છે. –સૂ.)

ગયા અંકમાં ફાધર રાજીવના વિચારો ચિંતનકણિકા સ્વરુપે રજૂ કર્યા હતા. આ સેમિનારની શરુઆત સભાના એક મંત્રી જાદવ વેકરિયાએ કરેલ અગ્નિ પ્રાગટયથી થઈ હતી. બીજા મંત્રી ડૉ. સુષ્મા ઐય્યરે પેપર મારફતે પોતાના વિચારો રજૂ કરનાર ડંકેશ ઓઝા, વિજય ભગત, સુગીત પાઠકજી અને માર્ટિન મેકવાનનો પરિચય આપ્યો હતો. પ્રમુખ સૂર્યકાન્ત શાહે સેમિનાર યોજવા પાછળના હેતુઓ રજૂ કર્યા હતા.

પેરિયાર પર શ્રી ડંકેશ ઓઝાએ પોતાના પેપરને રજૂ કર્યું હતું :

(૧) ઈરોડ વેંકટપ્પા રામાસામી નાયકર (૧૭–૦૯–૧૮૭૯ / ૨૪–૧૨–૧૯૭૩) વિશે વિચારતી વખતે દક્ષિણ ભારતના બીજાં થોડા વ્યકિતત્વો સાથોસાથ યાદ આવ્યા વિના રહેતા નથી. એમાં મુખ્ય છે ગોપાલ રામચંદ્રન, જેમને મોટેભાગે આપણે ગોરા તરીકે ઓળખીએ છીએ. એમણે ગાંધી સાથે લાંબો સંવાદ કર્યો હતો. જે પાછળથી અંગ્રેજી અને ગુજરાતી બંને ભાષામાં પ્રગટ થયો છે. ગુજરાતીમાં પુસ્તિકાનું નામ છે 'ગાંધી નાસ્તિક સંવાદ' ગોરાએ એ સમયે આંધ્રપ્રદેશના વિજયવાડામાં 'નાસ્તિક કેન્દ્ર'સ્થાપ્યું હતું. ગોરાનો વારસો એમના ત્રણ પુત્રો આગળ કરીને ચાલ્યા છે. જેમના નામ છે : લવણમ, શરણમ અને વિજયમ. તે સાથે યાદ આવે છે ડૉ. અબ્રાહમ ટી. કોલુર જે પોતે તમિળ હતા. તેમણે શ્રીલંકામાં પણ ઘણું કામ કર્યું હતું. એ સિવાય છે બી. પ્રેમાનંદ, જેમણે સત્યસાંઈ બાબાના ચમત્કારોનો પર્દાફાશ કરેલો.

આ બધા ભારતની બુદ્ધિવાદી અને નિરીશ્વરવાદી ચળવળના માર્ગસ્થંભો છે. જેમના વિશે આપણને પ્રમાણમાં ઓછી જાણકારી છે. આદિ શંકરાચાર્ય દક્ષિણ ભારતના

હતા. અદ્વૈતના ઉપાસક હતા. 'બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા' કહેનારા હતા. આજે પણ દક્ષિણ ભારતમાં બ્રાહ્મણ પરંપરા ઘણે બધે ઠેકાણે જડબેસલાક છે, પરંતુ તે સાથે પેરિયાર અને ગોરાની પરંપરા પણ સમાંતરે ચાલતી જ રહે છે. આપણે મોટે ભાગે હિન્દી અને અંગ્રેજીથી ચલાવીએ છીએ. અન્ય ભાષાઓ અને ખાસ કરીને દક્ષિણ ભારતની ભાષાઓ ભાગ્યે જ કોઈ જાણે છે. પરિણામે ત્યાંનું સાહિત્ય અને ત્યાંની વૈચારિક પરંપરા બાબતે આપણે જાણવા જેટલું પણ જાણતા નથી. કોવુરનાં પુસ્તકો અંગ્રેજીમાં હોવાને કારણે ગુજરાતીઓને તેની જાણ થઈ. તેમાં પણ એક પુસ્તકનો ગુજરાતી અનુવાદ 'એ લોકો તમને છેતરે છે.' નામે ૧૯૮૦ના દશકમાં બહાર પડયો. તેથી, અને કોવુરે ગુજરાતની યાત્રા પણ કરેલી. તેથી એમના વિશે આપણને થોડી જાણકારી છે. તે પછી દક્ષિણ ભારતના આ વિચાર ક્ષેત્રના સામયિકો 'ધ એથીસ્ટ' અને 'ધ સ્કેટીક' ગુજરાતમાં આવતા થયા. યશવંત મહેતા, આપણા વયોવૃદ્ધ પ્રગતિશીલ લેખક છે. એમને અને પાલનપુરના કારીયા સાહેબને મેં પૃચ્છા કરી કે પેરિયાર વિશે ગુજરાતી ભાષામાં કંઈ લખાયું છે ખરું ? જવાબ મળ્યો : 'ખાસ કંઈ નહિ.'

નિવૃત્ત સનદી અધિકારી અને વૈજ્ઞાનિક અભિગમ સમાજમાં પ્રસરે એ દિશામાં પ્રવૃત્ત અને સ્નેહી મિત્ર દીપકભાઈ જોશીએ થોડા સમય પૂર્વે મને પેરિયાર વિશેના બે પુસ્તકો ભેટ મોકલ્યા. એક સવા સો પાનાનું જીવન ચરિત્ર છે, અને બીજું તેમના વૈચારિક અભ્યાસ વિશેનું છે. અગાઉ અમે પણ વિજયવાડાની યાત્રા કરેલી, એટલે ઘરમાંથી પણ પસંદગીના લેખોનું એક પુસ્તક, ત્યારે ખરીદ્યું હશે તે મળી આવ્યું. કારીયા સાહેબે પેરિયારના પુસ્તકો વસાવ્યા છે. તેમની સમગ્ર સાહિત્ય ગ્રંથાવલિમાંનું એક મને મળ્યું. આમ પેરિયાર વિશેનો અભ્યાસ શરૂ થયો અને ચાલુ છે.

છેલ્લાં વર્ષોમાં બે ઘટનાઓ એવી બની છે જેનો કેટલાકને ખ્યાલ હોવા સંભવ છે. તમિલનાડુમાં ઠેરઠેર પેરિયારની પ્રતિમાઓ વર્ષોથી મુકાયેલી છે. પ્રતિમાની નીચે પેરિયારના નાસ્તિકવાદી વિચારો પણ પથ્થરમાં કોતરીને મુકાયેલા છે. જાહેર રસ્તાઓ ઉપર મુકાયેલી આ પ્રતિમાઓ અને વિચારો કેટલાક શ્રદ્ધાળુઓ અને પરંપરાવાદીઓને કનડે છે. એમાંના કોઈકે અદાલતમાં ફરિયાદ કરેલી કે પ્રતિમા નીચેથી આ વિચારો દૂર થવા જોઈએ. અદાલતે વ્યક્તિ સ્વાતંત્ર્ય અને વિચાર સ્વાતંત્ર્યની બંધારણીય જોગવાઈઓ સંદર્ભે સ્પષ્ટ ચુકાદો આપીને અરજી કાઢી નાંખી. હમણાં તમિલનાડુના મુખ્ય મંત્રી સ્ટાલિનના પુત્ર ઉદયનિધિએ સનાતન ધર્મની તુલના મેલેરિયા અને ડેન્ગ્યુ જેવી બીમારી સાથે કરી,

અને કહ્યું કે તેનો ખાતમો થવો જોઈએ. ઉદયનિધિ તમિલનાડુ સરકારમાં યુવા વિકાસ બાબતોના મંત્રી પણ છે. દ્રવિડ મુનેત્ર કઝગમના જાણીતા નેતા અને પૂર્વ મુખ્યમંત્રી, કરુણાનિધિના પૌત્ર પણ છે. પેરિયારે છેક ૧૯૩૧માં પોતાના પક્ષના મુખપત્રમાં લખ્યું હતું કે, 'ગરીબ, વંચિત, અસ્પૃશ્ય જ્ઞાતિના લોકોએ જો સમાનતા અને સમાજવાદના સ્વપ્નો સિદ્ધ કરવા હશે તો સૌથી પહેલા તેમણે હિન્દુ ધર્મનો સફાયો કરવો પડશે.' પેરિયારે તો હિન્દુ ધર્મના જાણીતા દેવોની પ્રતિમાઓ ચાર રસ્તા પર તોડી હતી, અને તેનાં જાણીતા ધર્મશાસ્ત્રોનાં પુસ્તકોની હોળી પણ કરી હતી ! પેરિયાર માનવ સમાજની સુખાકારી અને વિકાસની ચિંતા કરતા હતા. અસમાનતા અને ભેદભાવો ખતમ કરવા ઈચ્છતા હતા. સનાતન ધર્મ એમને ત્યારે સામાજિક ન્યાય વિરોધી લાગેલો. જે લોકો આ ભૂમિકા જાણતા નથી તેમને વિકસી રહેલા હિન્દુત્વના આ સમયમાં પેલા વિધાનથી આઘાત લાગે એ સાવ સ્વાભાવિક વાત છે. હિન્દુ ધર્મમાં પરાપૂર્વથી બે પરંપરાઓ સમાંતરપણે ચાલતી આવી છે. એ એના અભ્યાસીઓ જાણે છે. ચાર્વાકની નાસ્તિક પરંપરા હિન્દુ સમાજ માટે કોઈ નવી વાત નથી. જ્યારે બંધારણ ન હતું. દેશ આઝાદ થયો ન હતો, ત્યારે પણ વિચારવૈવિધ્ય હતું. વૈચારિક સહિષ્ણુતા હતી અને સૌથી મહત્વની વાત એ છે કે વિપરીત મત પ્રત્યે વિરોધ સાથે આદરભાવ પણ હતો. જે આજે જોવા મળતો નથી. બ્રાહ્મણ વર્ચસ્વના વિરોધમાં જ્યોતિરાવ ફૂલે અને બાબા સાહેબ આંબેડકરનું પણ મહત્વ પ્રદાન રહ્યું છે. આપણું બંધારણ પણ રાજકીય, સામાજિક અને આર્થિક સમાનતા સ્થાપવાની વાત કરે છે. એ દિશામાં જે કોઈ કામ કરે છે તે કયારેક આત્યંતિક છેડે જઈ બેસે છે, અને સમાજનો કેટલોક વર્ગ નારાજ થઈને એમનો વિરોધ પણ કરે છે. સારું થયું કે દક્ષિણ ભારતમાંથી આવેલા પેલા નિવેદનને કારણે ફરી એકવાર કેટલાક લોકોને પેરિયારની વિચારધારાનો પરિચય સાંપડયો.

## એક પ્રેરણાસ્ત્રોત

પેરિયારને આપણે બધા દક્ષિણ ભારતના એક બુદ્ધિનિષ્ઠ અને નિરીશ્વરવાદી તરીકે ઓળખીએ છીએ. ભણેલા જ અને વધુ ભણેલા આવા વિચારો ધરાવતા હોય એવી આપણી માન્યતા બદલવાની પેરિયાર ફરજ પાડે છે. એ બહુ ઓછા ભણેલા હતા. એમનું ભણતર વ્યવસ્થિત રીતે ચાલ્યું નથી. આમ છતાં સમાજને સુધારવાની, તેને યોગ્ય દિશા ચિંધવાની અને સામાજિક સમાનતા સ્થાપવાની બાબતમાં તેમનું કામ એટલું મોટું છે કે એમના મૃત્યુના પચાસ વર્ષ પછી પણ આજે આપણે તેમના ગંજાવર કામ બાબતે ચર્ચા કરીએ છીએ.

પેરિયાર હિન્દી ભાષા લાદવાના વિરોધી હતા. તેમનું સમગ્ર કાર્ય તેથી તમિલ ભાષામાં અને અંગ્રેજીમાં ચાલ્યું છે. રાજાજીને કારણે જ તેઓ કોંગ્રેસમાં ગયા, પણ રાજાજીએ હિન્દી લાદવાની વાત કરી ત્યારે તેમની વિરુદ્ધ ઊભા થઈ ગયા. એક ભાષા, એક રાષ્ટ્ર એવો વિચાર પેરિયારના ગળે ઉતરતો નહોતો.

શરૂઆતમાં કોંગ્રેસ અને ગાંધી પ્રત્યે ખેંચાણ થયું. લગાવ પણ થયો, પણ એકંદરે એ બંનેના તેઓ જીવનભર સખત વિરોધી રહ્યા. 'કોંગ્રેસમાં બ્રાહ્મણવાદ હતો અને ગાંધી વર્ણાશ્રમ ધર્મના ટેકેદાર હતા. તેથી બંનેનો તેમનો વિરોધ હતો. હિન્દી ભાષાને પણ તેમણે કંઈક આ રીતે જ જોઈ હતી.

પેરિયાર ભલે ઓછું ભણ્યા, પરંતુ તેમને વિચાર કરવાની અને વિચારો પ્રગટ કરવાની બાળપણથી આદત હતી. સાધુ, સંતો, બાવાઓ, જ્યોતિષીઓ સાથે કિશોરવયે ભરબજારમાં વાદવિવાદમાં ઉતરતા, અને તેમની જાહેરમાં મજાક ઉડાવી લોકરંજક બની રહેતા. જે કંઈ કામ સોપાય તે નિષ્ઠાપૂર્વક કરવાના આગ્રહી હોવાને કારણે લોકોએ તેમને જાહેરજીવન તરફ ધકેલ્યા. ઈશ્વરમાં ન માનતા હોય પણ દેવસ્થાનનું કામ સોંપાય તો એટલું નિષ્ઠાપૂર્વક સંભાળે કે તેની ખોટ દૂર થાય અને ટ્રસ્ટ પગભર બની જાય ! ઈરોડ નગરપાલિકામાં પ્રમુખ બન્યા અને મુખ્ય રસ્તા પહોળા કરવાની વાત આવી તો પોતાના સાથી–વેપારીઓને બચાવવાની વાત ન કરી પણ જાહેર હિતની તરફેણ કરી. શરૂઆતમાં ખાદી પ્રવૃત્તિ ઉપયોગી લાગી તો પોતાના કિંમતી રેશમી વસ્ત્રો નાટય કંપનીના વેપારીને આપી દીધા. દારૂબંધીની વાત આકર્ષક લાગી તો નાળિયેરમાંથી દારૂ બને છે તેથી પોતાના ખેતરના પાંચસો વૃક્ષો કાપી નાંખ્યા. આ બધી બાબતો પેરિયાર કેટલા નિષ્ઠાવાન હતા અને કેટલા નીતિવાન હતા તેના ઉદાહરણો છે.

માણસ ધર્મને કારણે નીતિવાન નથી બનતો, માણસ કાયદાને કારણે નથી સુધરતો, પણ જો એ બુદ્ધિમાં માનતો હોય, તર્કપૂર્ણ વિચારણા કરતો હોય, તો એ નીતિવાન બન્યા વિના રહી જ ન શકે. એ વિચાર પેરિયારનો છે. હું બીજાને મારતો નથી એનું કારણ એ નથી કે ધર્મ અને કાયદો મને રોકે છે, એનું કારણ તો એ છે કે આજે હું એને મારીશ તો કાલે મારે માર ખાવા વારો આવશે. મારામારી ચાલતી રહે તે સમાજના સમાનતાલક્ષી ધ્યેય અને વિકાસને બાધક છે.' તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાન બંને સતત વિકસતા રહે છે. બુદ્ધિની કોઈ મર્યાદા નથી એનો વિકાસ કરવો અને એને અનુસરવુ એ માનવીનું લક્ષણ છે.' એ વિચાર પેરિયારનો છે.

**(વધુ ટા.–૩ ઉપર)**

ચાલુ પાના નં.–૨૪ નુ)

પેરિયાર સમાજને ઈશ્વરની પરાધિનતામાંથી મુક્ત કરવા ઝંખતા હતા. વહેમ, અંધશ્રદ્ધા, ચમત્કારમુક્ત સમાજ એમને સ્થાપવો હતો. સામાજિક અસમાનતા, બ્રાહ્મણોનું વર્ચસ્વ અને પુરુષ–આધિપત્ય એમને ખપતાં નહોતા. છેક શરૂઆતથી માત્ર બ્રાહ્મણોને નહીં પણ બાકીના બધાંને તેમની વસ્તીના પ્રમાણમાં તક મળે, તક અપાય એના તેઓ હિમાયતી હતા. સ્ત્રીઓને માત્ર મિલકતમાં અધિકાર મળે, શિક્ષણ અને રોજગાર મળે એનાથી ઈશ્વર હોવાનો દાવો કરનારે તે હોવાનું પુરવાર કરવાનું હોય. પેરિયાર સંતુષ્ટ ન હતા. પેરિયારની ઝંખના સ્ત્રી મક્તિની હતી. સમાગમમાં પણ સ્વાતંત્ર્ય, પ્રસુતિ ધારણ કરવામાં પણ સ્વાતંત્ર્ય જેવા વિચારોથી સ્ત્રીને ખરી સ્વતંત્રતા હોય અને પુરુષો એમને માટે નિર્ણયો ન કરે પણ સ્ત્રીઓ ભેગી થઈને વિચારણા કરે એ ખ્યાલ પેરિયારનો છે. એમનામાં રહેલું અંતિમવાદીપણું સ્ત્રીઓને બહુપતિત્વ હોઈ શકે ત્યા ં સુધીના વિચાર પ્રત્યે દોરી જાય છે.

પેરિયારના જીવનની સૌથી મોટી વાત સ્વમાન, સ્વાભિમાન કે અસ્મિતા ચળવળની છે. ૧૯૨૫થી પેરિયારે આ પ્રવૃત્તિ શરૂ કરી હતી. આંતરધર્મીય અને આંતરજ્ઞાતિય લગ્નો કરાવ્યાં. કર્મકાંડ કે પુરોહિત વિના પુરુષ અને સ્ત્રી સ્વેચ્છા મુજબ જીવનસાથી તરીકે જેડાય અને જીવનભર એકબીજાના મિત્ર બની રહે એવા હજારો લગ્ન 'સ્વમાન ચળવળ'ના ભાગરૂપે થયા. મહર્ષી દયાનંદ સરસ્વતી જેમણે આર્યસમાજ સ્થાપ્યો, તેમણે મૂર્તિપૂજાનો વિરોધ કરેલો. મૂર્તિ તો પથ્થર છે જે પોતાને પણ બીજાથી બચાવી શકતી નથી તો માણસને કેવી રીતે બચાવશે ?' એ સવાલ દયાનંદનો હતો. પેરિયાર પણ ધર્મશાસ્ત્ર અને પુરાણોની ઊટાંગપટાંગ કથાઓને રજૂ કરીને દેવોની બહુ મજાક ઉડાવતા. એથી આગળ વધીને ઈશ્વરની મૂર્તિઓ પર જાહેરમાં પાદુકાપ્રહાર કરતા. આવા કાર્યક્રમો એ સમયે પેરિયાર કરી શકયા તેથી અરાજકતાવાદી પણ મનાયા. એમની પ્રતિમાઓ નીચે ઈશ્વરના ઈન્કારની બાબતો જાહેર રીતે લખવામાં આવી.

(વધુ માટે ટા.–૪ ઉપર)

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2022-2024 (with prepayment of postage)

ચાલુ ટા. ૩ નુ)

બંધારણમાં ધર્મસ્વાતંત્ર્યની સાથોસાથ ઉપાસના પદ્ધતિની પસંદગીની પણ આઝાદી છે. આઝાદીની સાથે તેમ ન કરવાની પણ આઝાદી હોય છે. એટલે કે કોઈપણ ઉપાસના પદ્ધતિમાં ન માનવાની પણ માણસને આઝાદી છે. ઈસ્લામ ધર્મ જન્મથી કોઈને કોઈ ઉંચનીચ ગણતો નથી તેથી અસમાનતા મુલક હિંદુ ધર્મ છોડી લોકો તે તરફ જાય છે. બૌદ્ધ ધર્મ ઈશ્વર કે બ્રાહ્મણોના પ્રભુત્વનો વિરોધી છે. તેથી લોકો તે તરફ પણ જાય છે. ખ્રિસ્તી ધર્મ પણ સ્વતંત્રતા અને પ્રેમનો ધર્મ મનાયો છે. તેથી તેનો પણ  લોકો અંગીકાર કરે છે. હિંદુ ધર્મમાં અનેક પ્રકારની અસમાનતા છે, છતાં ઈશ્વરનો ઈન્કાર કરનારા પણ હિંદુ ધર્મમાં હોઈ શકે છે. રહી શકે છે. એ પુરાપર્વથી ચાલતી આવતી પરંપરા છે. તેથી બૌદ્ધિક નિરીશ્વરવાદીઓને હિંદુ ધર્મ ત્યજવાની કયારેય આવશ્યકતા જણાઈ નથી.

પેરિયાર દક્ષિણ ભારતની નવી રાજકીય પરંપરાના પાયામાં છે. દ્રવિડનાડુ અને દ્રવિડ કઝગમની ચળવળો દ્વારા એમણે એક નવી દિશા ચીંધી બતાવી. એમાં અનેક ફાંટા ભલે પડયાં  હોય, પરંતુ દલિત અને પછાત વર્ગોનું કલ્યાણ અને સમાનતાનો ધ્યેયમંત્ર તેના પાયામાં રહે તેવું કંઈક તેઓ કરતા ગયા છે. સરકારની તરફદારીના કારણે આજે ધર્મ અને સંપ્રદાય સામે લડવું અઘરું થતું જાય છે ત્યારે પેરિયારનાં જીવન અને કાર્ય આપણને પ્રેરણા પૂરા પાડે છે.

## કર્મના સિદ્ધાંત પર વેબિનાર

તા. ૩–૦૪–૨૦૨૪ ને બુધવારે દરેક સપ્તાહની જેમ આ સપ્તાહે પણ ડૉ. સુજાત વલીની આગેવાની હેઠળ 'કર્મના સિદ્ધાંત' પર વેબિનાર યોજાયેલો. ભાગ લેનારા સૌએ આ સિદ્ધાંતની અવાસ્તવિકતા, સ્થાપિત હીતોની શોધ, શોષિતોને પોતાના થતા શોષણ સામે મૂંગા કરવાની ચાલ, એમાં સમાવિષ્ટ–નિર્દયતા અને શોષકોને શોષણ કરવા માટે મળતા વાજબીપણા હોવાનાં મંતવ્ય દર્શાવ્યા હતા. ધર્મની દ્રષ્ટિએ ધાર્મિકો અને સત્કર્મીઓને પણ પડતા દુ:ખનું કોઈ વજુદવાળુ કારણ આપી શકાતું નથી. તેથી ધાર્મિક નેતાઓ પૂર્વજન્મ અને પુનર્જન્મનું ડીંડવાણુ ઊભુ કરી કહેવાતા ધાર્મિકોના આજનાં દુ:ખો માટે એમના પૂર્વજન્મનાં કર્મો જવાબદાર હોવાનું ગપ્પુ હાંકવામાં આવ્યું છે.

માલિક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સૂર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–(ગુજરાત), ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસિદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સૂર્યકાન્ત શાહ